# ગઝલ મહેફીલ

--ભગવતીકુમાર શર્મા

## .૧.
## શ્લોક છું

વાલ્મીકીના હ્રદયમાં સ્ફુરેલો શોક છું;
કીન્તુ ન જે રચાઈ શક્યો એવો શ્લોક  છું.

છલકાયા જે કરે છે તે આનન્દલોક છું;
ડુમામાં જે દબાય છે તે મૃત્યુપોક છું.

એકાકી છું હું કૌંચની તુટેલી જોડ શો;
સન્દર્ભ છે વ્યથાનો ત્યાં થોકેથોક છું.

જગ્યા નથી રહી કે કબુતર ચણી શકે;
પરસેવે રેબઝેબ નગરનો હું ચોક  છું .

છે પક્ષપાત લાગણી, તારા તરફ મને ;
બીસતંતુનો તળાવ તરફનો હું ઝોક છું.

## .૨.
## ગણવેશમાં નથી

સમ્રાટમાં નથી અને દરવેશમાં નથી ;
મારી મનુષ્યતા કોઈ ગણવેશમાં નથી.

કોઈ રાગમાં નથી કે કશા દ્વેષમાં નથી;
આ લોહી છે કે બર્ફ?-જે આવેશમાં નથી.

હું શબ્દમા જીવું છું, ફક્ત શ્લેષમાં નથી;
જો કે હું અર્થના કોઈ આશ્લેષમાં નથી.

ભણકાતા મારા મુત્યુની ચીંતા નહીં કરો;
મુળથી જ જીવવાની હું ઝુંબેશમાં નથી .

કીંચીત્ હતી, ક્યારેક છે ને શુન્ય પણ થશે;
મારી તરલ હયાતી જે હંમેશમાં નથી .

બે શબ્દ પ્રાર્થનાના કહી ચુપ થઈ ગયો;
આર્જવમાં છે જે બળ, કદી આદેશમાં નથી.

## .૩.
## માણસની ગઝલ

અમે આંધી વચ્ચે તણખલાંના માણસ;
પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ.

ફ્ટાણાંના માણસ, મરશીયાંના માણસ;
અમે વારસાગત સમસ્યાના માણસ.

'કદી' થી 'સદી'ની અનીદ્રાના માણસ;
પ્રભાતોની શાશ્વત પ્રતીક્ષાના માણસ.

અમે અમને મળવાને ઝુરતા જ રહીએ;
સડકવન્ત ઝીબ્રાતા ટોળાના માણસ.

શીખર? ખીણ ? ધુમ્મસ? સુરજ? કે કશું નૈ?
'ટુ બી-નૉટ ટુ બી'ની 'હા-ના'ના માણસ.

ભરત કોઈ ગુંથતું રહે મોરલાનું;
અમે ટચ્ચ ટુંપાતા ટહુકાના માણસ.

મળી આજીવન કેદ ધ્રુવના પ્રદેશે;
હતા આપણે મુળ તડકાના માણસ.

## .૪.
## નદીકીનારાની ભેખડ છું

અશબ્દ વાવ છું-પડઘાથી ગુંગળાઈ જઈશ;
ખમો હે વર્તુળો, પથ્થરથી હું ઘવાઈ જઈશ.

કરો મને ન તમે આજ સીન્દુરી થાપા;
હું પાળીયો છું, પછી ધુળથી છવાઈ જઈશ.

નથી હું રાતનો ઓથાર કે બહુ પીડું;
પ્રભાતકાળનું સ્વપ્નું છું હું, ભુલાઈ જઈશ.

હું ચૈત્ર છું, મને ઝંખો નહીં અષાઢરુપે;
ગગનથી નીચે વરસતાંમાં હું સુકાઈ જઈશ.

લખું છું નામ તમારું હથેળીમાં આજે,
ને હીમડંખથી, સંભવ છે, હું ગળાઈ જઈશ .

સમયના જળનો આ જન્માન્તરો જુનો ભરડો ;
નદીકીનારાની ભેખડ છું  હું - ઘસાઈ જઈશ.

## .૫.
## વાવડ

અમે સમયના સફેદ બરડે લીલાચટ્ટક  સોળ સડાસડ;
લોહીનો એક ન ટશીયો ફુટે, ત્વચા ચીરાતી જાય પડેપડ

મન્દાક્રાન્તા શો પગરવ આ યતીભંગ સહી ખોડંગાતો;
વસન્તતીલકા-ઉપજાતીનો બાગ હવે તો અબોલ, ઉજજડ!

અક્ષરનો અપરાધ કરીને કાગળ-પત્તર લખવા બેઠા;
ભીને લુગડે વાંચી લઈશું; અમને પ્હોંચ્યા નીજના વાવડ.

શ્વાસ ખુટયા ને હાથથી સઘળાં હથીયારો પણ ગયાં વછુટી;
તોય યુદ્ધનો અંત નથી અહીં; વઢાય માથું છતાં લડે ધડ.

અમે નીરાંતે બેઠા આજે એક તુટેલી ભીંતને ટેકે;
તમે અમારી નીકટ, જુદાઈ હવે આપણી સાવ અડોઅડ.

દુકાળના આ દીવસ દોહ્યલા; તળાવ-કુવા-વાવ ગળાવો;
વીજોગટાણે પાણી જોઈ કોરી આંખો બળશે ભડભડ.

અરગટ પરગટ અંધારામાં પરોઢની પાંપણ પર સપનું;
ઝુમ્મર ફુટી ગયાં ફડોફડ, તારા તુટી પડ્યા તડોતડ.

## .૬.
## ફ્લેટમાં

અમુક સ્ક્વેરફીટની કબર ફ્લેટમાં;
હું લાગુ છું મુજને જ પર ફ્લેટમાં.

હવે શ્વાસ તો સાવ સુક્કા ડીબાંગ;
છે વાતાનુકુલીત લહર ફ્લેટમાં.

ઝરુખે ઝુરે વંધ્ય કુંડાની વેલ;
-નખર પાનખર પાનખર ફ્લેટમાં.

બહુ સાંજ વ્હેલી ઢળે છે અહીં;
ન પામું સુરજની ટશર ફ્લેટમાં.

ટી.વી., ફોન, ડેકોર, સોફા-કવર ;
બન્યો છું હું ઈન્ટીરીયર ફ્લેટમાં.

હલો-હાઈ-એક્સક્યુઝ મી- થેંક્સ લોટ;
છે શબ્દોનું પોકળ નગર ફ્લેટમાં.
--ભગવતીકુમાર શર્મા



## સર્જક પરીચય

મુર્ધન્ય સાહીત્યકાર **શ્રી. ભગવતીકુમાર શર્મા**નો પરીચય આપવો પડે કે? આમ તો સર્જન દ્વારા જ સર્જકનો પરીચય પમાતો હોય છે. ૧૯૩૪માં સુરતમાં જન્મેલા ભગવતીભાઈએ સુરતને જ કર્મભુમી બનાવી. સુરતના દૈનીક **'ગુજરાતમીત્ર'**ને, તેના વરીષ્ઠ તંત્રી તરીકે તેમણે સુદીર્ઘ અને અજોડ સેવા આપી, જીવનમાં એક જ નોકરી કર્યાનો વીક્રમ કર્યો છે. દક્ષીણ ગુજરાતના વાચકોનું સંસ્કાર-સીંચન તેમની યશસ્વી કલમને આભારી. બહુમુખી પ્રતીભા ધરાવનાર આ સાહીત્યકારે નવલકથા, નવલીકા, નીબંધ, વીવેચન, કવીતા, ગઝલ વગેરે બધાં જ ક્ષેત્રે ચીરંજીવી સાહીત્યનું પ્રદાન કર્યું છે. **'અસુર્યલોક'** અને **'ઉર્ધ્વમુલ'** જેવી નવલકથા, **'સંભવ'** અને **'છંદો છે પાંદડાં જેનાં'** જેવા કાવ્યસંગ્રહો

જેવાં સોએક પુસ્તકોના આ સર્જકને ગુજરાતી સાહીત્યનો શીરમોર રણજીતરામ સુવર્ણ ચંદ્રકથી માંડી અનેક પારીતોષીકો મળી ચુક્યા છે. ગાંધીજીની હત્યાના આઘાતથી સોળ વર્ષની ઉંમરે પ્રથમ કાવ્ય સર્જાયું ત્યારથી શરુ થયેલી એમની સર્જનયાત્રા, આજે આંખે અશક્તી છતાં જારી છે.
--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

સંપર્ક : શ્રી ભગવતીકુમાર શર્મા, ૧૦-૧૭૪૦, દેસાઈ પોળ, એની બેસન્ટ રોડ, સોની ફળીયું, સુરત-૩૯૫ ૦૦૩ ટેલીફોન : (૦૨૬૧) ૨૫૯ ૯૨૦૭

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : **93** -- માર્ચ **18, 2007**

માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા ફોન્ટ'માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર

દર રવીવારે 'સન્ડે ઈ-મહેફીલ' મેળવવા લખો: uttamgajjar@hotmail.com

માત્ર બાર માસના ગાળામાં **2,35,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં <http://www.gujaratilexicon.com> **લેક્સીકોન**ની મુલાકાત લીધી. આપને પણ **લેક્સીકોન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે.

આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ-મહેફીલ**ના **4500** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..**સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી http://sundaymahefil.googlepages.com/ વેબસાઈટ પરથી તથા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી પણ સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લેક્સીકોન** અને **ઓપીનીયન**ની મુલાકાતે પણ જઈ શકાશે..

**શ્રી. પ્રવીણ વાઘાણી** (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતું **'માતૃભાષા'** માસીક પણ હવે ત્યાં મુકાશે.

**Kindly send your suggestions to**
**Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.co**

*'ગુજરાતીપણું, આપણી આગવી ઓળખ શેમાં છે? રહેણીકરણી, રસોઈ, વારતહેવાર, ધાર્મીક પ્રસંગો, પહેરવેશ, બોલચાલ, અભીગમ અને મુલ્યો બધું ખરું; પણ આ સૌ સાથે સૌ પ્રથમ, પોતાની બોલી, ગુજરાતી ભાષા. ભાષા એટલે માત્ર સાંકેતીક શબ્દોનો સમુહ નહીં; પણ સંસ્કૃતીને આગળ ધપાવતી નદીની મુખ્ય ધારા.*

*'દરેક ભાષામાં પોતાની સાંસ્કૃતીક ચેતના ઠસોઠસ ભરી પડી છે. એમાં અનન્ય સૌંદર્ય પણ હોય છે. જરા ધ્યાન આપશો તો માણી શકશો કે બ્રહ્મ **લટકાં** કરે બ્રહ્મ પાસે, પરમાત્માની અદ્ભુત **લીલા** અને કુરકુરીયાં **ગેલ** કરે; આ ત્રણે વર્ણનમાંના શબ્દો **'લટકાં'**, **'લીલા'** અને **'ગેલ'** માટે અંગ્રેજીમાં સંતોષજનક પર્યાય નથી. ત્રણેને માટે એક જ શબ્દ વપરાય છે **'પ્લે'**. આપણી ભાષામાં **'અમે'** અને **'આપણે'** વચ્ચેનો સુક્ષ્મ તફાવત વર્ણવવા અંગ્રજીમાં અસરકારક શબ્દો નથી. માત્ર એક જ સામાન્ય શબ્દ છે, **'વી'**.*

***--દેવકુમાર ત્રીવેદી, ન્યુ દીલ્હી***

*લંડનથી પ્રકાશીત થતા **'ઓપીનીયન'** માસીકના પહેલે પાને પ્રકાશીત થયેલા લેખકના **'સાન્તુ કી લબ્યા?'** લેખનો એક અંશ...સાભાર..આખો લેખ લેક્સીકોનની વેબસાઈટ પર જોઈ શકાશે..*